Paper Code - 3166

B R S Sem – I (New Course)
July-Sep – 2021
Core – 1- SOIL SCIENCE AND FERTILIZER MANAGEMENT

કુલ સમય :– ૩૦ મીનીટ કુલ પ્રશ્નો : ૩૫ વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૨૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૨૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૨૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

પ્રશ્ન.૧ જો જમીનનો પી.એચ. આંક ૫.૫ હોય તો તેવી જમીનને કયા પ્રકારની જમીન કહેવામાં આવે છે ?

A. તટસ્થ જમીન B. એસીડીક કે અમ્લ જમીન C. અલ્ક કે બેઝીક જમીન D. ત્રણેય પ્રકારની

પ્રશ્ન.૨ સામાન્ય જમીનમાં કદની દષ્ટિએ સેન્દ્રીય પદાર્થોનું પ્રમાણ કેટલું હોય છે?

A. ૪૫ % B. ૫ % C. ૨૦ % D. ૫ %

પ્રશ્ન.૩ કયા પ્રકારના ભેજનો ઉપયોગ છોડ કરે છે?

A. ગુરૂત્વાકર્ષનીય ભેજ B. આદ્રતા ભેજ C. કેશાકર્ષણીય ભેજ D. ત્રણેય

પ્રશ્ન.૪ જે જમીનમાં અમુક સમય સુધી પાક ન લેવાય તેવી જમીન શું કહે છે?

A. વાસલ જમીન B. ફળદ્રુપ જમીન C. ઉત્પાદક જમીન D. એકેય નહિ.

પ્રશ્ન.૫ લાવારસ ઠંડો પડી ધન સ્વરૂપ ધારણ કરતા બનતા ખડકોને કયા પ્રકારના ખડકો કહે છે?

A. વિકૃત ખડકો B. અગ્નિકૃત ખડકો C. જલકૃત ખડકો D. એકેય નહિ

પ્રશ્ન.૬ નીચેનામાંથી કયું આયન જમીનરસને અલ્મ કે એસીડીક બનાવે છે?

A. No૩- B. Ca+૨ C. H+ D. H૨Po૪-

પ્રશ્ન.૭ જમીનરસ અને જમીનના કલે વચ્ચે આયનોની આપલેની પ્રક્રિયાને શું છે?

A. આયન વિનિમય B. પી.એચ.આંક C. જળ વિશ્લેષણ D. જલીયી કરણ

પ્રશ્ન.૮ ખડકો અને ખનીજોના રસાયણિક બંધારણમાં ફેરફારને કારણે થતા અપક્ષયને કયા પ્રકારનું અપક્ષય કહે છે?

A. રસાયણિક અપક્ષય B. જૈવિક અપક્ષય C. ભૌતિક અપક્ષય D. એકેય નહિ

પ્રશ્ન.૯ જમીનના ધોવાણથી શું નુકશાન થાય છે?

A. જમીનની ફળધ્રુપતા ઘટે છે B.જમીન ખાડા-ટેકરાવાળી થઇ જાય છે

C. Aઅને B બંને D. Aઅને B માંથી એકેય નહિ

પ્રશ્ન.૧૦ સામાન્ય જમીનમાં કદની દષ્ટિએ ખનીજ પદાર્થો / અકાર્બનિક પદાર્થોનું પ્રમાણ કેટલું હોય છે?

A. ૪૫ % B. ૫ % C. ૨૦ % D. ૨૫ %

પ્રશ્ન. ૧૧ અમ્લ / એસીડીક જમીન સુધારવા માટે કયો પદાર્થ વપરાય છે?

A. જીપ્સમ B. ફોસ્ફો જીપ્સમ C. યુરીયા ખાતર D. ચૂનો

પ્રશ્ન.૧૨ જળકૃત ખડકો કયા પ્રકારના ખડકોમાંથી બનેલ છે.

A.વિકૃત ખડકો B.અગ્નિકૃત ખડકો

C. વિકૃત અને અગ્નિકૃત બંને માંથી D.ઉપરોક્ત પૈકી એક પણ નહિ

પ્રશ્ન.૧૩ જમીનના રજકણો હવામાં રહેલા ભેજનું શોષણ કરે તે ભેજને કયા પ્રકારનો ભેજ કહે છે?

A. આદ્રતા ભેજ B. ગુરૂત્વાકર્ષનીય ભેજ C. કેશાકર્ષણીય ભેજ D. એકેય નહિ .

પ્રશ્ન.૧૪ જો જમીનરસમાં H+ અને OH- આયાનોનું પ્રમાણ સરખું હશે તો જમીનરસમાનો પી.એચ. આંક કેટલો હશે?

A. ૫ B. ૭ C. ૯ D.૧૧

પ્રશ્ન.૧૫ પૃથ્વીના ભુપડનો કેટલો ભાગ અગ્નિકૃત ખડકોનો બનેલ છે?

A. ૫ % B. ૫૦ % C. ૯૫ % D. ૭૫ %

પ્રશ્ન.૧૬ જમીનનો કયા પ્રકારો બાંધો ખેતી માટે ઘણો જ સારો ગણાય છે.

A. પ્રીઝમ જેવો બાંધો B. થાંભલા જેવો બાંધો

C. પટ્ટી જેવો બાંધો D. છિદ્રાળુ દાણાદાર બાંધો

પ્રશ્ન.૧૭ નીચેનામાંથી ક્યાં પ્રકારનું ધોવાણ જલ્દી નજરે પડતું નથી?

A. ચીરા રૂપે થતું ધોવાણ B. ચાદરપટ ધોવાણ

C. વોકળા રૂપે થતું ધોવાણ D. ત્રણેય

પ્રશ્ન.૧૮ જો જમીનનો પી.એચ. આંક ૭ હોય તો તેવી જમીનને કેવી જમીન કહેવાય?

A.તટસ્થ કે શિથિલ B. એસીડીક C. બેઝીક D. ત્રણેય

પ્રશ્ન૧૯ કોઈ પણ રસાયણમાં /પદાર્થમાં કાર્બન ડાયોકસાઈડ જોડાય તે પ્રક્રિયાને શું કહે છે?

A. ઉપચરન B. અપચયન C. જલીયીકરણ D. કાર્બોનેશન

પ્રશ્ન.૨૦ જમીન છોડને પોષક તત્વો પુરા પાડે છે. જમીનનું આ કાર્ય કયા પ્રકારનું છે?

A. જૈવિક કાર્ય B. ભૌતિક કાર્ય C. રાસાયણિક કાર્ય D. યાંત્રિક કાર્ય

પ્રશ્ન.૨૧ જુદા જુદા રસાયણો વચ્ચે રાસાયણિક પ્રક્રિયા કરી કારખાનામાં તૈયાર કરવામાં આવતા ખાતર ને કયા ખાતર કહે છે?

A. રાસાયણિક ખાતર B. સેન્દ્રીય ખાતર C. જૈવિક ખાતર D. અળસીયાનું ખાતર

પ્રશ્ન.૨૨ યુરીયા ખાતરમાં નાઈટ્રોજન તત્વનું પ્રમાણ કેટલું છે?

A. ૫૦ % B. ૨૦ % C. ૪૬ % D. ૪૦ %

પ્રશ્ન.૨૩ નીચેનામાંથી કયું તત્વ પ્રાથમિક પોષકતત્વ છે?

A. કોપર B. મેગ્નેશિયમ C. ફોસ્ફરસ D. સલ્ફર

પ્રશ્ન.૨૪ નીચેનામાંથી કયું ખાતર સેન્દ્રીય ખાતર નથી?

A.ફોસ્ફેટ કલ્ચર B. છાણીયું ખાતર C. કંપોસ્ટ ખાતર D. અળસીયાનું ખાતર

પ્રશ્ન.૨૫ જમીનમાં કોઈ એક પાક વાવી તેજ જમીનમાં દાટી દેવામાં આવે તેને શું કહે છે?

A. મિશ્રપાક B. લીલો પડવાશ C. આંતર પાક D. મલ્ચીંગ

પ્રશ્ન.૨૬ નીચેનામાંથી કયું સુક્ષ્મ પોષકતત્વ છે?

A. નાઈટ્રોજન B. પોટેશિયમ C. કેલ્શિયમ D. જસત

પ્રશ્ન.૨૭ નીચેનામાંથી કયું ખાતર જૈવિક ખાતર છે ?

A. રાયઝોબિયમ કલ્ચર B. યુરીયા C. એમોનિયમ સલ્ફેટ D. છાણીયું ખાતર

પ્રશ્ન.૨૮ છોડને આવશ્યક મુખ્ય પોષક તત્વોની સંખ્યા કેટલી છે?

A. ૯ B. ૧૬ C. ૭ D. ૨૦

પ્રશ્ન.૨૯ ઉપયોગી સુક્ષ્મજીવોને યોગ્ય માધ્યમમાં ઉછેરી તૈયાર કરવામાં આવતા ખાતરને કેવા પ્રકારના ખાતર કહે છે?

A.રાસાયણિક ખાતર B. કમ્પોસ્ટ ખાતર C. સેન્દ્રીય ખાતર D. જૈવિક ખાતર

પ્રશ્ન.૩૦ છોડ માટે આવશ્યક સુક્ષ્મ તત્વોની સંખ્યા કેટલી છે?

A. ૧૬ B. ૭ C. ૫ D. ૩

પ્રશ્ન.૩૧ નીચેનામાંથી કયું ખાતર સેન્દ્રીય ખાતર છે?

A. રાયઝોબિયમ કલ્ચર B. યુરીયા C. છાણીયું ખાતર D. મ્યુરેટ ઓફ પોટાશ

પ્રશ્ન.૩૨ છોડ માટે કેટલા પોષકતત્વો આવશ્યક છે?

A. ૩ B. ૮ C. ૧૬ D. ૧૦

પ્રશ્ન.૩૩ નીચેનામાંથી કયું પોષકતત્વ ગૌણ પોષકતત્વ છે?

A. મેગ્નેશિયમ B. નાઈટ્રોજન C. બોરોન D. ઝીંક

પ્રશ્ન.૩૪ છોડને આવશ્યક ગૌણ પોષકતત્વોની સંખ્યા કેટલી છે?

A. ૬ B. ૯ C. ૩ D. ૧૬

પ્રશ્ન.૩૫ ખાતરના પ્રકાર કયા છે?

A. રાસાયણિક ખાતર B. જૈવિક ખાતર C. સેન્દ્રીય ખાતર D. ત્રણેય